નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
પોસ્ટ વિતરણ/પોલીસી/૭૧
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૧૮/૦૨/૨૦૧૭

## // પરિપત્ર //

**વિષયઃ– નિગમની પેટા વિભાજનની તારીખઃ૦૮.૦૬.૨૦૧૬ની નીતિની જોગવાઈ નંબરઃ૧૪ એસોસીએશન/કો–ઓ.સો.ની રચના કરવા બાબતે આંશિક સુધારા બાબત તેમજ વણપવરાશી દંડ વસુલ લેવા બાબતની સ્પષ્ટતા બાબતે.**

સંદર્ભઃ– નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૪૪, તા.૦૮.૦૬.૨૦૧૬

નિગમના નિયામક મંડળની તા.૦૨.૦૨.૨૦૧૭ ના રોજ યોજાયેલ ૪૯૪ મી સભામાં નિગમ ધ્વારા નિગમની પેટા વિભાજનની તારીખઃ૦૮.૦૬.૨૦૧૬ની નીતિની જોગવાઈ નંબરઃ૧૪ એસોસીએશન/કો–ઓ.સો.ની રચના કરવા બાબતે આંશિક સુધારા બાબત તેમજ વણપવરાશી દંડ વસુલ લેવા બાબતની સ્પષ્ટતા બાબતે નીતિ વિષયક કાર્યસૂચિ ક્રમાંકઃ૨૧/પોસ્ટ વિતરણ/૪૯૪, તા.૦૨.૦૨.૨૦૧૭ થી સાદર કરવામાં આવેલ. પ્રસ્તુત બાબતે નિગમ ધ્વારા થયેલ ઠરાવ ક્રમાંકઃ૨૦/પોસ્ટ વિતરણ/૪૯૪/૨૦૧૭ અન્વયે નિગમની તારીખઃ૦૮.૦૬.૨૦૧૬ ની ઔદ્યોગિક પ્લોટ/શેડની પેટા વિભાજનની નીતિ અન્વયે નીચે મુજબ આંશિક સુધારા / સ્પષ્ટતા જારી કરવામાં આવે છે.

(૧) નિગમના પેટા વિભાજન અંગેના પરિપત્ર તારીખઃ૦૮.૦૬.૨૦૧૬ ની જોગવાઈ નંબરઃ૧૪ મુજબ, પેટા વિભાજીત થતાં પ્લોટની સંખ્યા ૧૦ કે તેથી વધુ હોય તો સહકારી મંડળીની રચના કરવાનું અને જયાં પેટા વિભાજીત પ્લોટની સંખ્યા ૧૦ થી ઓછી હોય તો એસોસીએશનની રચના કરવાનું જણાવેલ છે. ફાળવણીદારે રોડ, સ્ટ્રીટ લાઈટ, એસ.ડબલ્યુ.ડી. જેવી મૂળભૂત આંતર માળખાકીય સુવિધાઓ ઉભી કરે અને ત્યારબાદ નોટીફાઈડ એરીયા ઓથોરીટી પાસેથી આંતર માળખાકીય સુવિધાઓની જાળવણી બાબતે "ના વાંધા પ્રમાણપત્ર" મેળવી નિગમને રજુ કરવાનુ રહેશે. નિગમની જે વસાહતોની જાળવણી નોટીફાઈડ એરિયા હસ્તક હોય અને જો નોટિફાઈડ એરીયા તરફથી પેટા વિભાજીત થતા પ્લોટો અન્વયે આંતરમાળખકીય સુવિધાઓની જાળવણી બાબતે "ના વાંધા પ્રમાણપત્ર" આપવામાં આવે તો તેવા કિસ્સાઓમાં ફાળવણીદારે નિગમના પરિપત્ર તારીખઃ૦૮.૦૬.૨૦૧૬ ની જોગવાઈ નંબરઃ૧૪ અન્વયે એસોસીએશન કે સહકારી મંડળીની રચના કરવાની જરૂરીયાત રહેશે નહિ.

(૨) સદર નીતિ અન્વયે પેટા વિભાજીત થતા પ્લોટ / શેડના વણવપરાશી સમયગાળા માટે વણવપરાશી દંડની વસુલાત કરવાની રહેશે.

નિગમના તારીખ:૦૮.૦૬.૨૦૧૬ ના પરિપત્રની અન્ય બાબતો યથાવત રહેશે. નિગમના તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ મેનેજરશ્રી (પોસ્ટ વિતરણ) ને પાઠવવી.

—સહી—
(ડી.થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાના:—**
(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) જ.મે.ગ્રેડ—૧શ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યું,**

**કાર્યપાલક નિયામક(ઈએન્ડએ)**